પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૯૯ | ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૧, બુધવાર; ભાદરવા વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# CNG-PNG ગેસમાં ભાવ વધારાની સંભાવના

## આઇસીઆઇસીઆઇ સિક્યોરિટીના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ઓક્ટોબરમાં સરકાર ગેસના ભાવમાં લગભગ ૭૬ ટકાનો વધારો કરી શકે છે



નવી દિલ્હી,તા.૨૭

નવી દિલ્હી: વધતી જતી મોંઘવારીના કારણે ફરી એકવાર આકરો ઝટકો લાગવાનો છે. ફરી એકવાર સીએનજી અને પાઈસના રસોઈ ગેસના ભાવમાં આગામી મહિને ૧૦-૧૧ ટકાનો વધારો થઈ શકે છે. આઈસીઆઈસીઆઈ સિક્યોરિટીના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ઓક્ટોબરમાં સરકાર ગેસના ભાવમાં લગભગ ૭૬ ટકાનો વધારો કરી શકે છે. આવો જાણીએ હવે કેટલી વધશે કિંમત. ગેસના ભાવમાં વધારાથી ગાડી ચલાવવી અને ભોજન બનાવવું મોંઘુ બનશે. એટલે કે લગભગ ફરી જનતાને બમણો માર પડવાનો છે. જોકે નવી ડોમેસ્ટિક ગેસ પોલિસી ૨૦૧૪ હેઠળ દર છ મહિનામાં નેચરલ ગેસના ભાવ નક્કી કરવામાં આવે છે. તેના અનુસાર હવે આગામી સમીક્ષા ૧ ઓક્ટોબરના રોજ થશે. ઓક્ટોબર બાદ એપ્રિલ ૨૦૨૨ માં ગેસના ભાવ નક્કી થશે. બ્રોકરેજના અનુસાર, ૧ ઓક્ટોબર, ૨૦૨૧ થી ૩૧ માર્ચ ૨૦૨૨ ના સમયગાળા માટે છઁસ એટલે એડમિનિસ્ટર્ડ રેટ ૩.૧૫ અમેરિકી ડોલર પ્રતિ મિલિયન બ્રિટિશ થર્મલ યૂનિટ થઈ જશે, જે હાલ ૧.૭૯ ડોલર છે. રિલાયન્સ ઈંડસ્ટ્રીઝ લિમિટેડના કેજી-ડી૬

● અનુસંધાન પાન-૭ પર

# પંજાબ કોંગ્રેસ અધ્યક્ષ પદેથી નવજોત સિંહ સિદ્ધુનું રાજીનામું

## પંજાબ કોંગ્રેસમાં કકળાટ જારી, પક્ષને વધુ એક આંચકો : સિધ્ધુ પક્ષના સભ્ય તરીકે ચાલુ રહેશે

ન્યુદિલ્હી, તા.૨૮

ભારત દેશમાં હાલ ચુંટણીઓ અને બદલીઓના ધમધોકાર ચાલુ છે એમાં રાજકીય પક્ષોમાં અદલા બદલીનો દોર તો ક્યાંય રાજીનામું આપી પક્ષપલ્ટો કરવાનું જોવા મળી રહ્યું છે એવામાં હાલ પંજાબ પર સૌની નજર કેન્દ્રિત છે એવામાં પંજાબમાં હાલ સીએમ બદલાયા ત્યારબાદ મંત્રીમંડળમાં ફેરફારો થયા અને અચાનક પંજાબ કોંગ્રેસના અધ્યક્ષ નવજોત સિંહ સિદ્ધુએ રાજુનામુ આપતા અડકંપ મચ્યો છે લોકો એવું પણ કહે છે કે આ નવજોતસિંહ સિદ્ધુનું જ કારનામુ છે એ પંજાબ કોંગ્રેસમાં આવ્યો અને ત્યારબાદ આખી ઘટના બની સીએમે રાજીનામુ આપ્યું નવા સીએમ આવ્યા ત્યારબાદ મંત્રીમંડળ માં ફેરફારો થયા આમ સમગ્ર પંજાબનું કામ પૂર્ણ થતાં નવજોતસિંહ સિદ્ધુ દ્વારા કોંગ્રેસ અધ્યક્ષ પદથી રાજીનામું આપતા લોકોમાં તર્કવિતર્કો જાગ્યા. પંજાબ કોંગ્રેસમાં ફરી એક વખત હોબાળો થયો છે. નવજોત સિંહ સિદ્ધુએ પંજાબ કોંગ્રેસના અધ્યક્ષ પદ પરથી રાજીનામું આપીને બધાને ચોંકાવી દીધા છે. મંગળવારે નવજોત સિંહ સિદ્ધુએ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીને તેમનું રાજીનામું આપી દીધું છે. નવજોત સિંહ સિદ્ધુએ સોનિયા ગાંધીને મોકલેલી ચિઠ્ઠીમાં કહ્યું છે કે, કોઈ પણ વ્યક્તિના વ્યક્તિત્વમાં ઘટાડો સમજૂતીથી શરૂ થાય છે. હું પંજાબના ભવિષ્ય વિશે કોઈ સમજૂતી



કરી શકુ એમ નથી. તેથી પંજાબમાં પ્રદેશ અધ્યક્ષ પદ પરથી રાજીનામું આપું છું. નવજોત સિંહ સિદ્ધુનું રાજીનામું એટલે ચોંકાવનારુ છે, કારણકે કોંગ્રેસ હાઈકમાન્ડે જ તેમને પ્રદેશ અધ્યક્ષ તરીકે પસંદ કર્યા છે. તે સાથે જ તેમની સાથેના વિવાદના કારણે જ કેપ્ટન અમરિંદર સિંહે તેમનું પદ છોડ્યું હતું. કેપ્ટન અમરિંદર સિંહે પદ છોડ્યા પછી જ કોંગ્રેસ હાઈકમાન્ડે ચરણજીત સિંહ ચન્નીને મુખ્યમંત્રી બનાવ્યા હતા. પરંતુ તાજેતરમાં જે રીતે પંજાબમાં કેબિનેટનું વિસ્તરણ કરવામાં આવ્યું હતું તેનાથી નવજોત સિંહ સિદ્ધુ ખુશ નહતા.

# CAAના વિરોધમાં દિલ્હીમાં હિંસા પૂર્વયોજીત જ હતી

## કોમી તોફાનો પર દિલ્હી હાઈકોર્ટની ટિપ્પણી : તોફાનો સમયે અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ દિલ્હીમાં હતા

નવી દિલ્હી, તા.૨૮

કેન્દ્ર સરકારના સીએએના વિરોધ વખતે દિલ્હીમાં ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ કોમી તોફાનો ફાટી નિકળ્યા હતા.આ સમયે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પણ દિલ્હીમાં હતા. આ તોફાનો અંગે દિલ્હી હાઈકોર્ટે મહત્વપૂર્ણ ટિપ્પણી કરતા કહ્યુ છે કે, દિલ્હીમાં જે હિંસા થઈ તે અચાનક નહોતી પણ પૂર્વયોજીત હતી.કોર્ટે આ ટિપ્પણીના સમર્થનમાં કેટલાક વિડિયોનો પણ ઉલ્લેખ કર્યો હતો. દિલ્હી હિંસાના એક આરોપીની જામીન અરજીની સુનાવણી દરમિયાન કોર્ટે આ ટિપ્પણી કરી હતી અને કહ્યુ હતુ કે, દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગાડવા માટે અગાઉથી આયોજન કરીને હિંસા કરવામાં આવી હતી. હાઈકોર્ટે કહ્યુ હતુ કે, વિડિયોમાં સ્પષ્ટપણે દેખાય છે કે, સરકારના કામકાજને અસ્ત વ્યસ્ત કરવા માટે અને જન જીવનને ખોરવી નાંખવા માટે પહેલેથી યોજના બનાવી હતી.સીસીટીવી કેમેરાની હિંસા પહેલા વ્યવસ્થિત રીતે તોડફોડ કરવામાં આવી હતી અને આ બાબત પણ પૂર્વયોજિત કાવતરા તરફ ઈશારો કરે છે. હાઈકોર્ટે કહ્યુ હતુ કે, સેંકડો તોફાનીઓએ પોલીસની એક ટુકડી પર દંડા, હોકી સ્ટિક અને બેટ વડે હુમલો કર્યો હતો. હાઈકોર્ટે તોફાનના આરોપીની જામીન અરજી પણ ફગાવી દીધી હતી.



# મ.પ્રમાં દેશનો પ્રથમ ૨૯ કિમીનો સાઉન્ડપ્રૂફ હાઈવે

## ૯૬૦ કરોડનો ખર્ચે સવની જિલ્લામાં હાઈવે બનાવાયો : નાગપુર તરફ જતા આ હાઈવેની બંને તરફ સ્ટીલની દિવાલો ઉભી કરાઈ, પસાર થતા લોકો ફોટા પાડે છે



ભોપાલ, તા.૨૮

દેશનો પહેલા સાઉન્ડપ્રુફ હાઈવે મધ્યપ્રદેશમાં બનીને તૈયાર થઈ ગયો છે. મધ્યપ્રદેશના સવની જિલ્લામાં બનેલા આ હાઈવેની લંબાઈ ૨૯ કિલોમીટરની છે અને તેને બનાવવા માટે ૯૬૦ કરોડ રુપિયાનો ખર્ચ થયો છે.અહીંથી પસાર થનારા લોકો હાઈવે પર રોકાઈને તસવીરો ખેંચાવે છે.હાઈવે પર પસાર થતી ગાડીઓનો અવાજ હાઈવેની નીચે સંભળાતો નથી. નાગપુર તરફ જતા આ હાઈવેની બંને તરફ સ્ટીલની દિવાલો ઉભી કરવામાં આવી છે.જેથી અવાજ બહાર જાય નહીં.તાજેતરમાં જ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ તેનુ લોકાર્પણ કર્યુ હતુ.હાઈવે એન્જિનિયરિંગ અને ટેકનોલોજીનુ ઉત્તમ ઉદાહરણ છે.હાઈવેની નીચે જંગલમાં પ્રાણીઓને પસાર કરવા માટે એનિમલ અન્ડરપાસ બનાવાયા છે. આ ૨૯ કિલોમીટરનો હાઈવે પેંચ ટાઈગર રિઝર્વના બફર ઝોનમાંથી પસાર થાય છે અને જાનવરોની સુરક્ષા અને સુવિધાને ધ્યાનમાં રાખીને સાઉન્ડ પ્રૂફ હાઈવે બનાવાયો છે.કુલ મળીને હાઈવે નીચે ૧૪ અન્ડર પાસ બનાવાયા છે.જેથી પ્રાણીઓ આસાનીથી પસાર થઈ શકે.વાહનોની લાઈટો પ્રાણીઓને ખલેલના પહોંચાડે તે માટે હેડલાઈટ રિડ્યુસર પણ લગાવવામાં આવ્યા છે.

# વિશેષ ગુણ-લાક્ષણિકતા ધરાવતા ૩૫ પ્રકારના પાક દેશને સમર્પિત

## કૃષિ અને વિજ્ઞાનના તાલમેલને વધારવા દેશના ખેડૂતોને વડાપ્રધાનની ભેટ : આનાથી દેશની કૃષિ અને ખેડૂતોની આવક વધારવામાં મદદ થશે

નવી દિલ્હી, તા.૨૮

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે દેશના ખેડૂતોને નવી ભેટ આપી છે. પીએમ મોદીએ વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી વિશિષ્ટ ગુણો અને લાક્ષણિકતાઓ સાથેની પાકની ૩૫ વિવિધતાઓ દેશને સમર્પિત કરી છે. કાર્યક્રમને સંબોધિત કરતાં પીએમ મોદીએ કહ્યું કે કૃષિ અને વિજ્ઞાનના તાલમેલને નિરંતર વધારતા રહેવું છે. આજે આ સાથે જોડાયેલું વધુ એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. દેશના આધુનિક વિચારધારા વાળા ખેડૂતોને સમર્પિત કરવામાં આવી રહ્યું છે. ખેતી અને ખેડૂતો સાથે જોડાયેલ દરેક જરૂરિયાત સરકારની પ્રાથમિકતા છે. પીએમ મોદીએ કહ્યું 'નાના-નાના ખેડૂતોની જીંદગીમાં ફેરફારની આશાની સાથે આ ભેટમાં આજે કોટિ-કોટિ ખેડૂતોના ચરણોમાં સમર્પિત કરી રહ્યો છું. ગત ૬-૭ વર્ષોમાં સાયન્સ અને ટેક્નોલોજીને



ખેતી સાથે જોડાયેલા પડકારોના સમાધાન માટે પ્રાથમિકતાના આધાર પર ઉપયોગ કરવામાં આવી રહ્યું છે. વિશેષ રૂપથી બદલાયેલા હવામાનમાં નવી પરિસ્થિતિઓના અનુકૂળ વધુ પોષણયુક્ત બીજો પર અમારો ફોકસ વધુ છે. પીએમ મોદીએ આગળ કહ્યું 'આપણા ત્યાં ઉત્તર ભારતમાં ઘાઘ અને બટુરીની કૃષિ સંબંધી કહેવતો ખૂબ લોકપ્રિય રહી છે. ઘાઘએ આજે ઘણા શતાબ્દિ પહેલાં કહ્યું હતું- જેતે ગહિરા જૈતે ખેત, પરે બીજ ફલ તેતૈ દેત. એટલે કે પાકની લણણી કરવામાં આવે છે, બીજની વાવણી પર ઉપજ પણ એટલી જ વધુ થાય છે. આજે વધુ ૩૫ નવા પાકની વેરાયટી દેશના ખેડૂતોના ચરણમાં સમર્પિત કરવામાં આવી રહી છે. આ બીજ જળવાયું પરિવર્તનના પ્રભાવથી ખેતીની સુરક્ષા કરવા અને કુપોષણ મુક્ત ભારતના અભિયાનમાં મદદરૂ થનાર આપણા વૈજ્ઞાનિકોની શોધનું પરિણામ છે.

પીએમ મોદીએ કહ્યું કે 'છત્તીસગઢના નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ બાયોટિક સ્ટ્રેસ મેનેજમેન્ટ તરીકે દેશના વૈજ્ઞાનિક કામ માટે નવી સંસ્થા મળી છે.

# ભવાનીપુરની પેટા ચૂંટણી પર રોકનો કોર્ટનો ઈનકાર

કોલકાતા, તા.૨૮

કોલકાતા હાઈકોર્ટે પશ્ચિમ બંગાળમાં ભવાનીપુર બેઠક પર થઈ રહેલી પેટા ચૂંટણી પર રોક લગાવવાનો ઈનકાર કરી દીધો છે. આ બેઠક પર ૩૦ સપ્ટેમ્બરે મતદાન થવાનુ છે. સોમવારે ભાજપના નેતા દિલિપ ઘોષ પર અહીંયા થયેલા હુમલા બાદ ભાજપના નેતાઓએ આ ચૂંટણી ટાળવા માટે માંગ કરી હતી. ભાજપના બંગાલના નેતા સ્વપ્ર દાસગુપ્તાએ ચૂંટણી પંચને મતદાન મથકોની આસપાસ કલમ ૧૪૪ લગાવવા માટે માંગ કરી હતી અને સાથે સાથે ચૂંટણી કેન્દ્રીય સુરક્ષાદળોની હાજરીમાં કરવા માટે પણ માંગ કરી હતી. દિલિપ ઘોષે કહ્યુ હતુ કે, મારા જેવા નેતાઓ પર જો હુમલો થતો હોય તો સામાન્ય લોકો કેવી રીતે ઘરમાંથી નિકળીને મતદાન કરશે મને આશા નથી કે નિષ્પક્ષ રીતે ચૂંટણી થાય. એટલે હાલમાં ચૂંટણી ટાળી દેવામાં આવે અને વાતાવરણ સારૂ હોય ત્યારે ચૂંટણી કરવી જોઈએ. ઉલ્લેખનીય છે કે, ભવાનીપુર બેઠક પરથી હાલના સીએમ મમતા બેનરજી ચૂંટણી લડી રહ્યા છે.

# કન્હૈયા કુમાર-મેવાણી વિધિવત કોંગ્રેસમાં જોડાયા

## કન્હૈયા ૨૦૧૯માં લોકસભાની ચૂંટણીમાં ખૂબજ ખરાબ રીતે હારી ગયો હતો, મેવાણી ગુજરાતમાં અપક્ષ ધારાસભ્ય

નવી દિલ્હી , તા.૨૮

જેએનયુના પૂર્વ અધ્યક્ષ અને સીપીઆઈ નેતા રહેલા કન્હૈયા કુમાર અને ગુજરાતથી અપક્ષ ધારાસભ્ય જિગ્નેશ મેવાણી આજે કોંગ્રેસમાં જોડાયા છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની હાજરીમાં બંને યુવા નેતાઓએ પોતાની નવી રાજકીય ઈનિંગ શરૂ કરી છે. આ પહેલા રાહુલ ગાંધીની સાથે શહીદ-એ-આઝમ ભગત સિંહ પાર્કમાં કન્હૈયા કુમાર અને જિગ્નેશ મેવાણી હાજર હતા. કન્હૈયા કુમાર બિહારના બેગુસરાય જિલ્લાનો છે. ૨૦૧૯ ની લોકસભા ચૂંટણીમાં તે બેગુસરાય લોકસભા બેઠક પરથી ચૂંટણી મેદાનમાં ઉતર્યો હતો. કન્હૈયાએ ભાજપના નેતા ગિરિરાજ સિંહ સામે ૪ લાખના મોટા અંતરથી હારનો સામનો કરવો પડ્યો હતો. બેગુસરાયમાં ભૂમિહાર મતદારોની સૌથી વધુ સંખ્યા હોવાનું માનવામાં આવે છે અને કન્હૈયા કુમાર પણ ભૂમિહાર જાતિના છે. તેથી તે પોતાને સાબિત કરવામાં નિષ્ફળ રહ્યો. આ હોવા છતાં પાર્ટી માને છે કે બિહારમાં નવા ચહેરાની જરૂર છે. તેમની પાસે વિદ્યાર્થી નેતા તરીકે સંગઠનાત્મક અનુભવ છે. બિહાર કોંગ્રેસના નેતાઓનું કહેવું છે કે કન્હૈયાના આગમનથી પાર્ટીને ફાયદો થશે કારણ કે કન્હૈયા એ જ મુદ્દાઓ અને લડાઈ લડી રહ્યો છે જે કોંગ્રેસ ઉઠાવી રહી છે. હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર અને જીગ્નેશ મેવાણીની ત્રિપુટીએ ૨૦૧૭ ની ચૂંટણીમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. હાર્દિક પટેલ કોંગ્રેસમાં જોડાયો છે.

# ઉરી સેક્ટરમાં પાકિસ્તાનમાંથી ઘૂસણખોરી કરતો શખ્સ પકડાયો

શ્રીનગર, તા.૨૮

જમ્મુ-કાશ્મીરની સરહદ પર ભારતીય સેનાએ એકવાર ફરી પાકિસ્તાનના નાપાક ઈરાદાને નિષ્ફળ કરી દીધા છે. મંગળવારે ઉરી સેક્ટરમાં સેનાએ પાકિસ્તાની ઘૂસણખોરીને પકડી છે, જે ભારતીય જમીન પર આવવાના પ્રયત્નમાં હતા. ઉરી સેક્ટરમાં પાકિસ્તાન તરફથી સતત ઘૂસણખોરીનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો

● અનુસંધાન પાન-૭ પર

# તાલિબાનો સોંપાયેલાં કામ કરે : મુલ્લા ઉમરના પુત્ર મુલ્લા યાકુબનો આદેશ

કાબુલ, તા.૨૮

અફઘાનિસ્તાન પર કબ્જો કરતી વખતે તાલિબાનીઓ દ્વારા હિંચકા ખાતા અને બાળકોના થીમ પાર્કમાં સેલ્ફીઓ લેવામાં આવી હતી અને તેના વિડિયો પણ વાયરલ થયા હતા. જોકે તેને લઈને તાલિબાનના ટોચના નેતાઓ ભડકી ઉઠયા છે. તાલિબાને પોતાના સભ્યોને આદેશ આપ્યો છે કે, કાબુલમાં સેલ્ફી લેવાનુ બંધ કરે અને જાણે ફરવા નિકળ્યા હોય તેવો વ્યવહાર ના કરે. તાલિબાનના સ્થાપક મુલ્લા ઉમરના પુત્ર મુલ્લા યાકુબે આ આદેશ આપ્યો છે. ઉલ્લેખનીય છે કે, કાબુલ પર કબ્જા પછી પણ તાલિબાનો મસ્તી કરતા નજરે પડ્યા હતા અને તેમના વિડિયો પણ વાયરલ થયા હતા. દેશના બીજા હિસ્સામાં પણ આવા દ્રશ્યો જોવા મળ્યા હતા. કાબુલના ઝૂમાં તો તાલિબાની આતંકીઓ તળાવના કિનારે આરામ ફરમાવતા અને બોટિંગ કરતા હોય તેવા વિડિયો વાયરલ થયા હતા. એ પછી હવે તાલિબાનના રક્ષા મંત્રી મુલ્લા યાકુબે આદેશ આપ્યો છે કે, જે કામ સોંપવામાં આવ્યુ છે તે કરો અને સેલ્ફીઓ લઈને તાલિબાનની પ્રતિષ્ઠાને ઠેસ ના પહોંચાડો.

આનંદ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટર

ચોથા માળે, સાર્થક મોલ, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૯૭૫૦૭૮૮, મો. ૯૮૯૮૩ ૨૦૫૫૦

સરકાર માન્ય કોવિશીલ્ડ અહીંયા ઉપલબ્ધ છે

સમય : સવારે ૯ થી સાંજે ૫

સરકાર માન્ય ભાવ રૂ. ૭૮૦/- પર ડોઝ

સ્થળ પર કોવિશીલ્ડનું રજીસ્ટ્રેશન ઉપલબ્ધ છે.